# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે કેન્દ્ર સરકાર ફોજદારી ન્યાય વ્યવસ્થામાં ફોરેન્સિક પુરાવા આધારિત અભિગમને પ્રાથમિકતા આપી રહી છે.

2) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ આજથી ફ્રાન્સની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે

3) ચીજવસ્તુ અને સેવા કર-GSTની વસૂલાતે મે મહિનામાં સતત બીજા મહિને 2 લાખ કરોડ રૂપિયાનો આંકડો વટાવ્યો.

4) પૂર્વોત્તર ભારતનાં ચાર રાજ્યોમાં ભારે વરસાદથી પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓમાં અત્યાર સુધી 27-નાં મૃત્યુ.

5) IPLની, બીજી ક્વોલિફાયર મેચમાં પંજાબ કિંગ્સ અને મુંબઇ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# AMIT SHAH WB-1

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે કેન્દ્ર સરકાર ફોજદારી ન્યાય વ્યવસ્થામાં ફોરેન્સિક પુરાવા આધારિત અભિગમને પ્રાથમિકતા આપી રહી છે. કોલકાતામાં રાજારહાટ ખાતે સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી-CFSLના નવા ભવનનું ઉદ્ઘાટન કરતા શ્રી શાહે જણાવ્યું કે, ફોરેન્સિક માળખામાં સુધારો એ આ પ્રયાસનો મુખ્ય ભાગ છે.

તેમણે જણાવ્યું કે દેશના દરેક મોટા રાજ્યમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી- NFSU બનાવવામાં આવશે.

(BYTE AMIT SHAH FORENSIC)

ગઈ કાલથી રાજ્યની બે દિવસની મુલાકાતે આવેલા ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર દેશભરમાં ફોરેન્સિક ક્ષમતાઓને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે કારણ કે ન્યાયી અને સચોટ ચુકાદાઓ માટે વૈજ્ઞાનિક પુરાવા જરૂરી છે. 88 કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત આ અત્યાધુનિક સુવિધાથી માત્ર પશ્ચિમ બંગાળના લોકોને જ નહીં, પરંતુ ઝારખંડ, બિહાર, ઓડિશા, સિક્કિમ, આસામ અને ઉત્તર-પૂર્વ ક્ષેત્રોનાં પડોશી રાજ્યોને પણ લાભ થશે.

અન્ય એક કાર્યક્રમમાં શ્રી દાવો કર્યો કે ભારતીય જનતા પાર્ટી પશ્ચિમ બંગાળમાં 2026ની વિધાનસભાની ચૂંટણીમાં આગામી સરકાર બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. કોલકાતામાં નેતાજી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે એક જાહેર સભાને સંબોધતા શ્રી શાહે  રાજ્યમાં તૃણમૂલ કોંગ્રેસ સરકારની આકરી ટીકા કરી હતી.

(BYTE AMIT SHAH POLITICAL)

# AMIT SHAH WB-2

બાદમાં શ્રી શાહે કોલકાતામાં સિમલા સ્ટ્રીટ ખાતે સ્વામી વિવેકાનંદના પૈતૃક નિવાસસ્થાને સંતો સાથે વિશેષ બેઠક યોજી હતી. શ્રી શાહે સ્વામીજીની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ સભામાં વિવિધ ધાર્મિક સંસ્થાઓના આશરે 200 સંતો અને સાધુઓએ ભાગ લીધો હતો.

# GOYAL FRANCE VISIT

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે ફ્રાન્સની તેમની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતની શરૂઆત કરી. આ મુલાકાત મુખ્ય યુરોપિયન ભાગીદારો સાથે વ્યૂહાત્મક અને આર્થિક સંબંધોને ગાઢ બનાવવા અને સ્થિતિસ્થાપક અને સમાવેશી વૈશ્વિક વિકાસ માટે સહિયારા દ્રષ્ટિકોણને આગળ વધારવા માટે ભારતની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

ફ્રાન્સની મુલાકાત દરમિયાન, શ્રી ગોયલ ફ્રાન્સના મંત્રીઓ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજશે, જેમાં અર્થતંત્ર મંત્રી, એરિક લોમ્બાર્ડ અને વેપાર મંત્રી, લોરેન્ટ સેન્ટ-માર્ટિન સામેલ છે. આ ચર્ચા ભારત-ફ્રાન્સ આર્થિક ભાગીદારીને મજબૂત કરવા અને વેપાર અને રોકાણ સહયોગ વધારવા માટે નવા માર્ગો શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

આ મુલાકાતમાં ભારત-ફ્રાન્સ બિઝનેસ રાઉન્ડ ટેબલ અને ભારત-ફ્રાન્સ CEO ફોરમની બેઠકનો સમાવેશ થાય છે.

# ESSAY COMPETITION

સરકાર 78મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે યુવાનો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી રહી છે. પ્રથમ દ્વિભાષી સ્પર્ધાનો વિષય છે- 'ઓપરેશન સિંદૂર- આતંકવાદ સામે ભારતની નીતિને ફરીથી વ્યાખ્યાયિત કરવી'.

સ્પર્ધાના ટોચના ત્રણ વિજેતાઓને દસ હજાર રૂપિયાનું રોકડ ઇનામ મળશે અને નવી દિલ્હીમાં લાલ કિલ્લા પર 78મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવાની વિશેષ તક મળશે. રસ ધરાવતા સહભાગીઓ સ્પર્ધામાં ભાગ લેવા માટે MY GOV વેબસાઇટની મુલાકાત લઈ શકે છે. આ સ્પર્ધા આ મહિનાની 30મી તારીખ સુધી ખુલ્લી છે.

બીજી સ્પર્ધામાં, સરકારે તમામ ઉભરતા સોશિયલ મીડિયા પ્રભાવકોને ભારતીય સ્વતંત્રતા સાથે સંકળાયેલા કોઈપણ સ્મારક અને સ્થળની મુલાકાતનાં વીડિયો અને રીલ્સ બનાવવા માટે આમંત્રિત કર્યા છે. રસ ધરાવતા સહભાગીઓએ તેમના સોશિયલ મીડિયા પેજ પર રીલ અને વીડિયોને હેશટેગ #NewIndia #EmpoweredIndia અને #independenceday2025 સાથે પોસ્ટ કરવાના રહેશે. ટોચના ત્રણ વિજેતાઓને દસ હજાર રૂપિયાનું રોકડ ઇનામ મળશે.

દરમિયાન, 'નયા ભારત સશક્ત ભારત "વિષય પર ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સહભાગીઓને દેશની પ્રગતિ અને સિદ્ધિઓ રંગથી પ્રદર્શિત કરવાની રહેશે. સ્પર્ધા વિશે વધુ માહિતી MY GOV વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM-ADB PREZ MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં એશિયન ડેવલપમેન્ટ બેંકના પ્રમુખ મસાટો કાંડાને મળ્યા હતા. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે છેલ્લા દાયકામાં ભારતના ઝડપી પરિવર્તનથી અગણિત લોકો સશક્ત થયા છે અને અમે આ કાર્યને વધુ વેગ આપવા કામ કરી રહ્યા છીએ. આ બેઠક દરમિયાન બંને પક્ષોએ વિવિધ મુદ્દાઓ પર દ્રષ્ટિકોણની આપલે કરી હતી.

શ્રી કાંડાએ જણાવ્યું કે, એડીબી ભારતને આગામી પાંચ વર્ષમાં મ્યુનિસિપલ માળખાગત વિકાસ, મેટ્રો નેટવર્કનું વિસ્તરણ, નવા પ્રાદેશિક ઝડપી પરિવહન પ્રણાલી કોરિડોરનું નિર્માણ અને શહેરની સેવાઓનું આધુનિકીકરણ કરવા માટે ત્રીજા પક્ષની મૂડી સહિત 10 અબજ ડોલરનું ભંડોળ આપશે.

સોશિયલ મિડિયા સંદેશમાં શ્રી કાંડાએ વિક્સિત ભારત 2047 વિઝનની પ્રશંસા કરી હતી અને એડીબીને તેનો સહયોગ જાહેર કર્યો હતો.

# GST MAY

ભારતના કુલ ચીજવસ્તુ અને સેવા કર-GSTની વસૂલાતે મે મહિનામાં સતત બીજા મહિને 2 લાખ કરોડ રૂપિયાનો આંકડો વટાવ્યો છે. કેન્દ્રીય નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, મે મહિનામાં કુલ જીએસટી વસૂલાત 2 લાખ 1 કરોડ રૂપિયા હતી, જે મે 2024માં એકત્ર કરવામાં આવેલા 1 લાખ 72 હજાર કરોડ રૂપિયાની સરખામણીમાં 16.4 ટકા વધારે છે.

એપ્રિલ 2025માં ભારતનું જીએસટી કલેક્શન 12.6 ટકા વધીને 2.37 લાખ કરોડ રૂપિયાની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું હતું.

મે મહિનામાં વાર્ષિક વૃદ્ધિ આયાત પરની જીએસટી વસૂલાતમાં 25.2 ટકા અને સ્થાનિક વ્યવહારોમાં 13.7 ટકાના વધારાને કારણે થઈ હતી. આયાતમાંથી કુલ જીએસટી આવક 51 હજાર 266 કરોડ રૂપિયા અને સ્થાનિક વ્યવહારોમાંથી દોઢ લાખ કરોડ રૂપિયાનું યોગદાન રહ્યું હતું.

# AMIT SHAH-NE CMs

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પૂર્વોત્તરના ચાર રાજ્યો-આસામ, મણિપુર, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રીઓનો સંપર્ક કરીને ભારે વરસાદને કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનથી સર્જાયેલી સ્થિતિનો સામનો કરવા સંપૂર્ણ સહાયની ખાતરી આપી છે.

એનડીઆરએફ, એસડીઆરએફ, અગ્નિશમન સેવાની બચાવ ટીમો અસરગ્રસ્ત લોકોની મદદ માટે ચોવીસ કલાક કામ કરી રહી છે.

વધુ વરસાદની આગાહી હોવાથી અધિકારીઓ હાઈ એલર્ટ પર છે અને નુકસાન ઘટાડવા અને રાહત પહોંચાડવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, બંગાળનાં અખાતમાં આવેલા દબાણને કારણે પૂર્વોત્તરના છ રાજ્યોમાં મધ્યમથી ભારે વરસાદ પડ્યો છે. ભૂસ્ખલન, મકાનો તૂટવાથી અને ડૂબી જવાથી ગઈ કાલથી અત્યાર સુધી 27 લોકોનાં મોત થયા છે.

# IPL AHMEDABAD MATCH

આઇપીએલમાં, બીજી ક્વોલિફાયર મેચમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પંજાબ કિંગ્સે મુંબઇ ઇન્ડિયન્સ સામે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી છે. જો કે વરસાદનું વિધ્ન નડતાં હજી મેચ શરૂ થઈ શકી નથી.

આ મેચની વિજેતા ટીમ મંગળવારે આ જ મેદાન પર રમાનારી ફાઇનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ-RCB સામે ટકરાશે.

પંજાબ કિંગ્સ તેનું પ્રથમ ટાઇટલ જીતવા ફાઇનલ સુધી પહોંચવાના લક્ષ્ય સાથે સ્પર્ધામાં ઉતરી છે. છેલ્લી મેચમાં, પંજાબ કિંગ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે છ વિકેટથી હાર્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત ટાઇટન્સને 20 રને હરાવીને આ તબક્કામાં પ્રવેશ કર્યો છે.

# ICC NEW PLAYING CONDITIONS

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ-આઇસીસી જૂન મહિનાથી ટેસ્ટ મેચો અને જુલાઇથી અન્ય મેચો માટે તાત્કાલિક અસરથી નવા નિયમ લાગુ કરશે. એક મહત્વપૂર્ણ ફેરફારમાં વન-ડેમાં બીજા નવા બોલને તબક્કાવાર રીતે દૂર કરવામાં આવશે. હાલમાં, 50 ઓવરની મેચોમાં પ્રતિ ઇનિંગ બે નવા બોલનો ઉપયોગ થાય છે. સુધારેલા નિયમ પ્રમાણે 34મી ઓવર સુધી બે નવા બોલનો ઉપયોગ થશે અને ત્યારબાદ ફિલ્ડિંગ ટીમ બાકીની ઇનિંગ માટે બેમાંથી એક બોલની પસંદગી કરશે. પ્રથમ ઇનિંગની શરૂઆત પહેલાં 25 ઓવર કે તેનાંથી ઓછી મેચોમાં પ્રત્યેક ટીમ માત્ર એક જ બોલથી રમશે.

# UTTARAKHAND – VALLEY OF FLOWERS

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં હિમાલયની ઊંચાઈ પરની ખીણોમાં સ્થિત યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ વેલી ઓફ ફ્લાવર્સ નેશનલ પાર્કને આજથી પ્રવાસીઓ અને પ્રકૃતિ પ્રેમીઓ માટે ખોલવામાં આવ્યો

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલઃ

(VOICE CAST : SAKSHI SING)